## અહેબૈતમા કોનો કોનો સમાવેશ થાય છે ?

રસુલ (સ.)નુ કુટુંબ અહલેબૈત, ઇતરત અને આલ ના નામ થી ઓળખાઇ છે – જેમાં આપની પુત્રી ફાતેમા ઝહેરા (સ) , તેમના પતિ હ. અલી (અ), અને તેમના પૂત્રો ઇ.હસન અને ઇ. હુસૈન (અ) નો સમાવેશ થાય છે. પાંચ જણાનુ આ કુટુંબ, જેના વડા રસુલે ખુદા હતા, તે વખતે જીવંત હતા જયારે રસુલે ખુદા પર તેમની ફઝીલતમાં આયત ઉતરી રહી હતી. તે ઉપરાંત છતાં, ઇ. હુસૈન (અ) ના વંશના નવ ઇમામો પણ આ પસંદ કરાએલા કુટુંબના સભ્યો છે, જેમાના અંતિમ હ.મહદી(અ.) છે. રસુલ (સ) ફરમાવે છે:

- હું અને અલી અને હસન અને હુસૈન અને હુસૈનના નવ વંશજો પાક અને મઅસુમ છીએ." [અલ-જુઇની, ફરીદ અલ-સીમતીયાન, (બયરૂત, 1978), પેજ 160.યાદ રાખો કે અલ-જુઇનીનું હદીસો ના વીદ્વાન તરીકે નુ સમર્થન અલ-ઝહબીએ તઝકેરત અલ-હુફ્ફાઝ, ભાગ 4,પેજ 298, માં કર્યું અને ઇબને હજર અલ-અસકલાનીએ પણ અલ દુર્રાં અલ-કામીનાહ, ભાગ 1, પેજ 67 માં કર્યું]
- "હુ નબીઓ નો સરદાર છુ અને અલી ઇમામોના સરદાર છે,અને મારા બાર અનુયાઇઓ હશે, જેમા પહેલા અલી(અ) અને અંતીમ મહદી(અ) હશે." [અલ-જુઇની, ફરાઇદુલ અલ-સીમતૈન,પેજ 160]
- "મહદી(અ) અમારી અહલેબૈત માંથી છે" અને "મહદી(અ) મારા કુટુંબ માંથી છે,અને ફાતેમા(સ) ના વંશજ છે" [ઇબ્ને માજા,અલ-સુનન, ભાગ 2, પેજ 519, નંબર 4085-6; અબુ દાઉદ,અલ-સુનન, ભાગ 2,પેજ 207]

## રસુલની પત્નિઓ વીશે શુ ?

આયાએ તતહીર "*ખુદા તો બસ એમજ ઇચ્છે છે ...* " આ આયત રસુલ(સ) ની પત્નિ ઉમ્મે સલમા ના ઘરમાં નાઝીલ થઇ;ત્યારે નબી(સ) એ પોતાની પુત્રી ફાતેમા(સ) બન્ને પુત્રો હસન(અ) અને હુસૈન(અ) અને તેમના પતી અલી(અ) ને પોતાની પાસે બોલાવ્યા તે પછી બધાની સાથે પોતાને શામીલ કરી પોતાની ચાદર ઓઢાળી.પછી કહ્યુ, "**ખુદાયા,આ મારા અહલેબૈત છ, તેમને દરેક પ્રકારની નજાસતથી દુર રાખ, અને એવા પાક પવીત્ર રાખ જેવા પાક પવીત્ર રાખવાનો હક છે**."ઉમ્મે સલમાએ કહ્યું, "અય રસુલ(સ) શું હું આપ લોકો સાથે શામીલ થઇ જાવ?" રસુલ(સ) એ કહ્યું, "**નહી, તમે તમારી જગ્યા ઉપર રહો, ચોક્કસ તમે ભલાઇ પર છો.**"

- અલ તીરમીઝી,અલ સહીહ,ભાગ 5,પેજ 351 અને 663
- અલ-હાકીમ અલ-નયસુબુરી, અલ-મુસતદરક અલ સહીયાન,ભાગ 2, પેજ 416.તેણે કહ્યુ આ બુખારી પ્રમાણે પણ સાચુ છે
- અલ સોયુતી, અલ દુર્રાં અલ મનતહુર,ભાગ 5,પેજ 197

આ આયત ૩૩:૩૩ ના શરુઆતના ભાગમાં સ્ત્રી વાચક સર્વ નામ નો ઉપયોગ થયો છે, જે આપની બીબીઓનુ વર્ણન છે. જ્યારે પુરૂષ અને સ્ત્રી બન્નેના ભેગા સમુહને સંબોધન કરવામાં આવતુ હોય તો કાયદા મુજબ પુરૂષ વાચક સર્વનામ વપરાય, અરબી કાયદા મુજબ સર્વ નામનોઆ ફેરફાર સ્પષ્ટ કરે છે કે આયતે તતહીરનો આ ભાગ બીજીજ વ્યકતીઓનો સમુહ છે

**Find out more about authentic Islam as explained by the Ahl al-Bayt, visit:**

http://al-islam.org/faq/

*v1.0*

અય (રસુલના) અહલેબૈત (અ.સ.)! ખુદા તો બસ એજ ચાહે છે કે તમારાથી (દરેક પ્રકારની) બુરાઈને દુર રાખે કે જેવો પાક અને પાકીઝા રાખવાનો હક છે એવાજ પાકો પાકીઝા રાખે

[આયાએ તતહીર ૩૩:૩૩]

પયગંબર (સ.અ.વ.) ને તેમના એક સહાબી એ પુછયુ:

"અમે તમારા ઉપર સલવાત કઇ રીતે મોકલીએ?" આપ (સ) એ ફરમાવયુ:

"કહો: '*અય અલ્લાહ! તુ મોહમ્મદ અને તેની અવલાદ ઉપર રહેમત મોકલ, જેવી રીતે તે ઇબરાહીમ અને તેની અવલાદ ઉપર મોકલી,બેશક તુ વખાણને લાયક અને ઇઝઝત વાળો છો.*'"

[સહીહ અલ બુખારી, ભાગ 4, પ્રકરણ 55, પેજ નં 589]

# પયગમ્બર (સ.અ.વ.) ના અહલેબૈત ને શા માટે અનુસરવું?

શીયાઓનું એમ માનવું છે કે રસુલ (સ) ના સંયુક્ત વારસદારો વારસો કુરઆન અને અહલેબૈત (રસુલ (સ) ના કુટુંબના અમુક સભ્યો) છે. અહલેબૈત રસુલ (સ) ની સુન્નતના અધીકૃત સ્ત્રોત છે. એક મુસલમાન ત્યારેજ સાચું માર્ગદર્શન મેળવી શકે જ્યારે તે આ બન્ને સ્ત્રોતથી હિદાયત મેળવે.

## રસુલ(સ) ની વસીય્યત

**“હુ તમારી વચ્ચે બે અમુલ્ય વસ્તુઓ છોડી જાવ છું, એક કિતાબુલ્લાહ અને બીજી મારી અહલેબૈત. જો તમે આ બન્નેને મજબુતીથી પકડી રાખશો તો કયારે પણ ગુમરાહ નહી થાવ, અને આ બન્ને એક બીજાથી જુદા નહી થાય, અહીં સુધી કે મને હવ્ઝે કવસર પર મળે.”**

આ ભરોસા પાત્ર હદીસ ૩૦થી વધારે સહાબીઓ અને અનેક સુન્ની વીદ્વાનોએ નકલ કરી છે. તેમાંના અમુક પ્રખ્યાત વીદ્વાનો:

- અલ-નાસીર અલ-નયસબુરી,અલ-મુસતદરક અલ-સહઐન (બૈરુત),ભાગ 3,પેજ 109-110, 148, અને 533). તેણે કહ્યું આ હદીસ બુખારી અને મુસ્લિમ પ્રમાણે સાચી છે; અલ-ઝહબી એ આ વાત ને સમર્થન આપ્યું છે.
- સહીહ મુસ્લિમ, (English translation), ભાગ 031, નં 5920-3
- સહીહ તીરમીઝી, ભાગ 5, પેજ 621-2, નં 3786 અને 3788; ભાગ 2, પેજ 219
- અલ-નેસાઇ, ખસાઇસ અલી ઇબ્ને અબી તાલીબ, હદીસ નં 79
- અહમદ ઇબ્ને હમ્બલ, અલ-મુસનદ, ભાગ 3, પેજ 14, 17, 26; ભાગ 3, પેજ 26, 59; ભાગ 4, પેજ 371; ભાગ 5, પેજ 181-2, 189-190
- ઇબ્ને અલ-અતહર,જામે અલ ઉસુલ, ભાગ 1, પેજ 277
- ઇબ્ને કસીર,અલ-બીદયાહ અલ-નાહીયહ, ભાગ 5,પેજ 209. તેણે કહ્યું, અલ-ઝહાબીએ તેની હદીસ સચી કહી છે
- ઇબ્ને કસીર, તફસીરે કુરઆન, ભાગ 6, પેજ 199
- નસીરૂદ્દીન અલ-બાની, સીલસલતુલ હદીસ અલ શૈખ (કુવૈત: દાર અલ-સલફાયા), ભાગ 4, પેજ 355-8.તણે અનેક હદીસ વેત્તાઓની એક સૂત્રતા રજુ કરી છે.

આ હદીસના ઘણા બધા સત્રોતો છે જે અહી દર્શાવવા શક્ય નથી.

## શુ રસુલ(સ.)એ નહોતું ફરમાવ્યુ “હુ મારી પાછળ અલ્લાહની કીતાબ અને મારી અહલેબૈત મુકી જાવ છુ” ?

આ એક જાણીતી ગેરસમજ છે. હકીકત એ છે કે આ નિવેદન માટે કોઈ વિશ્વસનીય આધાર નથી કે રસુલ(સ)નો આ અંતિમ ખુત્બો હતો. **આ વાત છ માંથી કોઇ પણ સહીહ સીત્તામાં જોવા મળતી નથી!!** માલીકે મુવત્તા ની આવૃતી, ઇબ્ને હીશમની સીરતે રસુલ(સ), અને તેમાંથી તબરીઝ ની તીરીખ, **આ દરેક અધુરા હદીસવેત્તા નો ભોગ બની છે** જેમાં ઘણી બધી એકસૂત્રતા ઘટે છે! બીજી આવૃત્તી કે જેમાં હદીસવેત્તાઓની સંપૂર્ણ એકસૂત્રતા છે – જે બહુ ઓછા છે - **બધા હદીસવેત્તાને સર્વસંમતિથી અત્યંત અવિશ્વસનીય ગણવામાં આવે છે** જે રેજાલના વીદ્યાનથી પ્રમાંણીત છે. આ નોંધપાત્ર હકીકતની ખાત્રી એ લોકો દ્વારા કરવામાં આવે છે જેઓ પુસ્તકોનાં સંશોધનમાં રસ ધરાવે છે

સ્પષ્ટપણે કોઇ પણ એ નથી દર્શાવતુ કે રસુલ (સ.)ની સુન્નત ને ન અનુસરવું જોઇએ. આગળ દર્શાવ્યા પ્રમાણે, રસુલ (સ.) મુસલમાનો માટે ઇચ્છતા હતા કે તઓ તેમની અહલેબૈતને ભરોસા પાત્ર,પાક અને તેમની સુન્નતના વારસદાર સત્રોત માને.

## રસુલ(સ.) ની અહલેબૈત માંટે આટલુ ખાસ શું છે?

જયારે આ આયત *"(અય મોહમ્મદ)કહો, હું તમારી પાસેથી કોઇ બદલો નથી માંગતો સિવાયકે મારા અહલેબૈતની મોહબ્બત."* (42:23) નાઝીલ થઇ, મુસલમાનોએ રસુલ ને પૂછયુ: "તમારી આ અહલેબૈત કોણ છે જેમની મોહબ્બત અમારા પર વાજીબ કરવામાં આવી છે?" **રસુલ(સ) એ કહ્યુ, "'અલી(અ),ફાતેમા(અ) અને તેમના બન્ને ફરઝંદો**"

- અલ-હકીમ અલ-નીશાપુરી, અલ-મુસતદરક અલલ સહીહયન, ભાગ 2,પેજ 444
- અલ-કસ્તલાની, ઇર્શાદ અલ સરીહ સરાહ શૈખ અલ બુખારી, ભાગ 7,પેજ 331
- અલ-સીયુતી, અલ-દુરર અલ-મઅનતહુર, ભાગ 6,પેજ 6-7
- અલ-આલુસી અલ-બગદાદી,રૂહ અલ માની, ભાગ 25,પેજ 31-2

અહલેબૈતનુ સ્થાન, સચ્ચાઇ અને સદગુણો ની વધારે ખાતરી કુરઆનમાં મુબાહેલાના પ્રસંગ વખતે આપવામાં આવી છે. જયારે આયત નાઝીલ થઇ “તથાપી તે (ઇસા અ.) વીષે જે જ્ઞાન તને મળી ચૂકયું છે તે પછી પણ જે કોઇ તારી સાથે તે (ઇસા) એના સંબંધમાં તકરાર કરે તુ કહે કે આવો અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમે તમારા પુત્રોને બોલાવો અને અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેતઁટીઓને બોલાવો અને અમે પોતાના નિકટનાઓએ બોલાવીએ અને તમે તમારા નીકટનાઓને બોલાવો પછી આપણે (અલ્લાહ પાસે) કરગરીને દોઆ કરીએ અને જુઠ્ઠુ બોલનારાઓ પર અલ્લાહની ફીટકાર કરીએ." (3:61), **રસુલ(સ)એ કહ્યુ ‘અલી(અ), ફાતેમા(સ), હસન(અ) અને હુસૈન(અ): ‘આ મારી અહલેબૈત છે**’.

- સહીહ મુસલીમ, (English translation), ભાગ 031, નં 5915
- અલ-હકીમ અલ-નીશાપુરી, અલ- મુસતકદર અલલ સહીહયાત, ભાગ 3, પેજ 150.તણે કહ્યુ આ સહીહ મુસલીમ અને બુખારી પ્રમાણે સાચી છે.
- ઇબ્ને હજ્રર અસકલાની, ફત્હુલ બારી શર્રં સહીહ અલ બુખારી, ભાગ 7,પેજ 60
- સહીહ તીરમીઝી, કીતાબે મનાકીબ, ભાગ 5, પેજ 596
- અહમદ ઇબને હમ્બલ, અલ-મુસનદ, ભાગ 1, પેજ 185
- અલ સોયુતી, History of Khalifas Who Took The Right Way, (London, 1995),પેજ 176

## અહલેબૈતને માન આપવા માટે શું આ પૂરતુ નથી?

શું ફક્ત કુરઆનને માન આપવુ પૂરતુ છે? ચોક્કસ મુસલમાનોને તેને અનુસરવા સિવાય બીજી કોઇ પસંદગી નથી, ઇલાહી માર્ગદર્શનના સ્ત્રોત તરીકે, તેમના દરેક વ્યવહારમાં. રસુલ(સ) તેમના વારસામાં મુસલમાનો માટે બે વસ્તુઓ મૂકી, અને વાયદો કર્યો કે તેઓ કયામતના દિવસ સુધી એક બીજા સાથે રહેશે.**અહલેબૈતને કુરઆન સાથે જોડીને, રસુલ(સ) એ આપણ ને કહ્યું તેમને ફક્ત માનજ ન આપો, પરંતુ તેઓની પાસેથી ઇસ્લામના સિદ્ધાંત,અમલ,હદીસ અને તફસીર ની સમજણ મેળવો.**

**“આગાહ થઇ જાવ! મારા અહલેબૈતની મીસાલ નુહ(અ) ની કશ્તી જેવી છે. જે તેમાં સવાર થયો તે નજાત પામ્યો અને જેણે તેને છોડી દાધી તે હલાક થયો”**

- અલ-હકીમ અલ-નીશાપુરી, અલ મુસતદરક અલલ અલ-સહીહયન, ભાગ 3,પેજ 151 અને ભાગ 2, પેજ 343. અને કહ્યું આ સહીહ મુસલીમ પ્રમાણે સાચું છે.
- અલ-સીયુતી, અલ-દુરર અલ- મુન્તહર, ભાગ 1, પેજ 71-72
- ઇબને હજરે મક્કી, અલ-સવાએકુલ મોહરેકા, પેજ 140. તેણે કહ્યું આ હદીસ અનેક હદીસવેત્તાઓની એકસૂત્રતા દ્વારા મજબુત કરવામાં આવી છે..